# ગુજરાત સરકાર

ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૧૨/૦૫/૨૦૨૦.

પ્રતિ,

- અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના તમામ ખાતાના વડા.
- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ/પોલીસ રેન્જના વડાશ્રીઓ/ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ/ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ/મ્યુનિસીપલ કમિશ્નરશ્રીઓ.

**વિષય:**- COVID-19 સંદર્ભે ટ્રેન દ્વારા મુસાફરી કરી રાજયમાં આવતા/ રાજય બહાર જતા મુસાફરો માટે અનુસરવાની કાર્યપધ્ધતિ અંગેની સુચનાઓ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગૃહ મંત્રાલય,ભારત સરકારના તા.૧૧.૦૫.૨૦૨૦ના હુકમ ક્રમાંક:40-3/2020/DM-I(A)થી ટ્રેન દ્વારા રાજયમાં આવતા/રાજય બહાર જતાં મુસાફરો માટે Standard Operating Protocol અનુસરવા માટે રાજય સરકારને જણાવેલ છે જે સંદર્ભે અન્ય રાજયોમાંથી પેસેન્જર ટ્રેન મારફતે રાજયમાં આવતા મુસાફરો તથા રાજયમાંથી પેસેન્જર ટ્રેન દ્વારા અન્ય રાજયોમાં જતાં મુસાફરો સંબંધમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે.

૧) ગુજરાતમાં આવનાર સંભવિત ટ્રેનોનાં નંબર, રૂટ, સ્ટેશનો અને સ્ટેશનની યાદી આ સાથેના પરિશિષ્ટ -એ માં દર્શાવવામાં આવેલ છે જે મુજબ ટ્રેનની અવરજવર થશે.

૨) રેલ્વે સ્ટેશન પર ખાનગી વપરાશના ફોર વ્હીલર વાહનોને મુસાફરને લેવા અને મૂકવા માટે મંજુરી આપવામાં આવે છે. લેવા આવનાર વ્યકિત અને મુસાફર પાસે મુસાફરીની ઈ-ટીકીટ ઉપલબ્ધ હોવી જોઈશે. મુસાફરી અગાઉથી પરિવારના સભ્યોને ઈ-ટીકીટ મોકલી આપવાની રહેશે અને આ ઈ-ટીકીટને પાસ ગણી પોલીસે સદરહુ વાહનને સ્ટેશન જવાની/આવવાની મંજૂરી આપવાની રહેશે.

૩) હાલ ટ્રેનની વ્યવસ્થા અમદાવાદ, સુરત, પાલનપુર અને વડોદરા માટે નક્કી થયેલ છે તેથી મુસાફરોના અવરજવર માટે સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશને અમદાવાદ, સુરત અને વડોદરા સમગ્ર શહેરને આવરી લેતા લાંબા અંતરના છ થી સાત રૂટ નક્કી કરી મુસાફરોના પરિવહનનું આયોજન કરવાનું રહેશે. દા.ત. સાબરમતી થી સરખેજ, સાબરમતી થી બોપલ અને સાબરમતીથી વસ્ત્રાલના રૂટ નક્કી કરવાના રહેશે. બસોમાં Social Distancing-Disinfection સંબંધિત કાળજી રાખવાની રહેશે અને બસોને પુરતી સંખ્યામા રેલવે સ્ટેશન પર રાખવાની રહેશે.

૪) ટ્રેન દ્વારા આવતા-જતા મુસાફરોના પરિવહન માટે સ્કુટર, મોટર સાઈકલ કે રિક્ષાનો ઉપયોગ કરી શકાશે નહિ.

૫) અમદાવાદ ,સુરત, વડોદરા ટ્રેનથી આવતા કે ટ્રેનમાં જતા મુસાફરોના પરિવહન માટે ફોર વ્હીલ ટેક્સીને ખાસ કિસ્સામાં જ મંજુરી આપવામાં આવે છે. આ ટેક્સી ગ્રામ્ય વિસ્તાર તેમજ અન્ય જિલ્લા/તાલુકા/શહેરોમાં પરિવહન માટે ઉપયોગમાં લઈ શકાશે.

૬) જેમાં અમદાવાદ, સુરત, વડોદરા અને પાલનપુરનાં આરટીઓએ ટેક્સી એસોસીએશન સાથે બેઠક કરી રોસ્ટર આધારે ટેક્સીની સેવા ઉપલબ્ધ કરાવાની રહેશે. આ માટે અમદાવાદ માટે ૪૦, સુરત માટે ૨૫, વડોદરા માટે ૨૫ અને પાલનપુર માટે ૧૦ ટેક્સી નક્કી કરવામાં આવેલ છે. જરૂર જણાયે સ્થાનિક પોલીસ સાથે સંકલન કરી આ સંખ્યા આરટીઓ વધારી શકશે. ઉપરાંત ઉપરોક્ત જિલ્લા મથકો સિવાય રેલ્વે સ્ટેશન સુધી આવવા માટે કન્ફર્મ ઈ-ટિકીટના આધારે સ્થાનિક આરટીઓથી ટેક્સીની મંજૂરી લઈ શકાશે.

૭) પાલનપુર જેવા શહેરમાં જ્યાં સ્થાનિક પરિવહન /શહેરના આંતરિક પરિવહન માટે સિટી બસની સેવા ઉપલબ્ધ નથી ત્યાં શહેરની અંદરના આંતરિક પરિવહન માટે ટેક્સીની સેવાઓ નક્કી કરેલ મર્યાદામાં ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૮) ટેક્સીમાં પરિવહનની બેઠક ક્ષમતા માટે "ડ્રાઈવર+૨" ની મર્યાદા છે. જ્યારે એક કુટુંબનું પરિવહન થતું હોય ત્યારે ત્રણ વ્યક્તિઓ પાછળના ભાગે બેસી શકે પરંતુ ડ્રાઈવરની બાજુમાં કોઈ બેસી શકશે નહિ.

૯) મુસાફરો દ્વારા શક્ય હોય ત્યાં સુધી ઈલેક્ટ્રોનીક અથવા ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે.

૧૦) વાહનને Dis-Infection કરવાનું રહેશે. વારંવાર વપરાતા હેન્ડલ ને જંતુ રહિત કરવાના રહેશે.

૧૧) અમદાવાદ, સુરત, વડોદરા તેમજ પાલનપુરના આર.ટી.ઓ.શ્રીએ જે તે સ્ટેશનના મેનેજરના સંકલનમાં રહીને સ્ટેશનની બહાર મુસાફરોને માર્ગદર્શન માટે એક હેલ્પ ડેસ્ક સ્થાપવાનું રહેશે. આર.ટી.ઓ. કચેરીના સ્ટાફે સ્ટેશન પર ઉપસ્થિત મ્યુનિસિપલ કોર્પોરેશનની બસો તેમજ ટેક્ષીઓ અંગે સંપૂર્ણ સંકલન કરીને મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે જોવાનું રહેશે. સ્થાનિક પોલીસ, G.R.P. એ સ્ટેશન પર પુરતો બંદોબસ્ત રાખવાનો રહેશે. જેથી વ્યવસ્થામાં કોઈ અવરોધ ન આવે.

૧૨) આ સંદર્ભે Ministry of Home Affairs, New Delhi દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન્સનો અમલ કરવાનો રહેશે.

**આરોગ્ય ચકાસણી સંબંધિત સૂચનાઓ** :

૧) ટ્રેન જયારે રેલ્વે પ્લેટફોર્મ પર આવશે ત્યારે મેડીકલ ટીમ થર્મલ ગન, પીપીઈ કિટ, માસ્ક અને સેનેટાઈજર સાથે સુસજ્જ રહેશે.

૨) રેલ્વે દ્વારા આવતા તમામ મુસાફરોને રેલ્વે ટીમ દ્વારા આરોગ્યની ચકાસણી કરવાની રહેશે. ચકાસણી કર્યા સિવાય કોઈપણ મુસાફરને રેલ્વે સ્ટેશનની બહાર જવાની મંજુરી આપવામાં આવશે નહિ.

૩) રેલ્વે દ્વારા નીચેના પત્રકમાં માહિતી અગાઉથી આરોગ્ય કમિશ્નરશ્રીને મેઈલ એડ્રેસ ssoidsp@gmail.com પર મોકલી આપવાની રહેશે.

| Sr. No. | Name | Age | Sex | Address | District/Corporation | Remarks |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |

૪) રેલ્વે પોલીસ અને ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા સિક્યોરિટી પૂરી પાડવામાં આવશે.

૫) કોરોનાના લક્ષણો દેખાતા હોય તેવા મુસાફરોને સ્ટેશન ઉપર ઉપસ્થિત રાજ્યની આરોગ્ય ટીમને સુપ્રત કરવાના રહેશે. 108/EMRI અને રેલ્વે દ્વારા એમ્બ્યુલન્સ સ્ટેશન પર રાખવામા આવશે અને આવા મુસાફરો ને તાત્કાલિક ડેઝીગ્નેટેડ COVID facility માં મોકલી આપવામાં આવશે.

૬) લક્ષણો વગરના મુસાફરો ઘરે જઈ શકશે.

આથી તમામને ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે જરૂરી પગલા લેવા તેમજ સંબંધીતોને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

**બિડાણ:** ઉપર મુજબ

(પંકજ દવે)
ઉપ સચિવ (કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

**નકલ જરૂરી કાર્યવાહી અર્થે રવાના:-**

- સુ.શ્રી જયંતિ રવિ, અગ્રસચિવ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- શ્રી કમલ દયાની, અગ્ર સચિવ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- શ્રી જયપ્રકાશ શિવહરે, કમિશ્નરશ્રી- આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૫/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
  ૨/- પ્રસ્તુત બાબતે સંબંધીત જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને જરૂરી વ્યવસ્થા ગોઠવવાની સૂચના આપવાની વિનંતી સહ.
- શ્રી રાજેશ માંજુ, કમિશનર, વાહન વ્યવહાર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- શ્રી ધનંજય દ્વીવેદી, સચિવ, નર્મદા, જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી અનુપમ આનંદ, સચિવ, આદીજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી કે.ડી.કાપડીયા, રીલીફ કમિશ્નર, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**નકલ જાણ અર્થે રવાના:-**

- મા.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

## Annexure - A

| Sr. | T. NO. | From | To | Frequency | Stopaages Enroute | Day of Commencement |
|---|---|---|---|---|---|---|
| 1 | Special | Thiruvanthapuram (1915) | New Delhi (1240) | T,TH,F | kollam, Alleppey, Emakulam Jn, Thrisur, Shoranur Jn, Kozhikkode, kannur, kasaragod, Mangalore, Udupi, Karwar, Madgaon, Sawantwadi Road, Ratnagiri, Panvel, Vasai Road, Vadodara, Kota | 15.05.2020 |
| 2 | Special | New Delhi (1055) | Thiruvananthapuram (0525) | T, W, Su | | 13.05.2020 |
| 3 | Special | Mumbai Central (1700) | New Delhi (0835) | Daily | Borivali, Surat, Vadodara, Ratlam, Nagda, Kota | 12.05.2020 |
| 4 | Special | New Delhi (1625) | Mumbai Central (0815) | Daily | | 13.05.2020 |
| 5 | Special | Ahmedabad (1740) | New Delhi (0730) | Daily | Sabarmati, Mahesana, Palanpur, Abu Road, Falna, Ajmer, jaipur, Gurgaon, Delhi Cantt | 12.05.2020 |
| 6 | Special | New Delhi (1955) | Ahmedabad (0940) | Daily | | 13.05.2020 |
| 7 | Special | New Delhi (1055) | Madgaon(1250) | F,S | Thivim, Kudal, Ratnagiri, Panvel, Vasai Road, Surat, Vadodara Jn, Kota Jn | 15.05.2020 |
| 8 | Special | Madgaon (1000) | New Delhi (1240) | M, Su | | 17.05.2020 |

**No.40-3/2020-DM-I (A)**
**Government of India**
**Ministry of Home Affairs**

North Block, New Delhi-110001
Dated 11th May, 2020

**ORDER**

In continuation of Ministry of Home Affairs's Orders of even number dated 1st May 2020 and 5th May 2020 and in exercise of the powers, conferred under Section 10(2)(l) of the Disaster Management Act, the undersigned, in his capacity as Chairperson, National Executive Committee, hereby issues Standard Operating Protocol (SOP), **for movement of persons by train**, as **Annexed** herewith, to Ministries /Departments of Government of India, State/Union Territory Governments and State /Union Territory Authorities, with the directions for their strict implementation.

11/05/2020
**Home Secretary**

To: **(As per list attached)**

1. The Secretaries of Ministries /Departments of Government of India
2. The Chief Secretaries/Administrators of States/Union Territories

**Copy to:**

i) All members of the National Executive Committee.
ii) Member Secretary, National Disaster Management Authority.

**Annexure**

## Standard Operating Protocol (SOP), for movement of persons by train

In order to facilitate movement of persons by trains, the following SOP is hereby laid down:

i. Movement of trains shall be permitted by Ministry of Railways (MoR), in a graded manner, in consultation with Ministry of Health & Family Welfare (MoHFW) and Ministry of Home Affairs (MHA).

ii. Train schedule; protocols for booking, entry and movement of passengers; and coach service specifications shall be widely publicized by MoR.

iii. Only those passengers with confirmed e-tickets shall be allowed to enter the station.

iv. The movement of the passenger(s) as well as the driver of the vehicle transporting the passenger(s) to and fro the railway station shall be allowed on the basis of the confirmed e-ticket.

v. MoR shall ensure the following at the train stations:

   a. All passengers shall be compulsorily screened and only asymptomatic passengers are allowed to enter/ board the train.

   b. All passengers shall be provided with hand sanitizer at entry and exit points at station and in coaches.

   c. All passengers shall be wearing face covers/ masks at entry and during travel.

vi. During boarding and travel, all passengers will have to observe social distancing.

vii. Health advisories/ guidelines will be circulated by MoR through Information, Education and Communication (IEC) campaign for their staff and passengers.

viii. On arrival at their destination, the traveling passengers will have to adhere to such health protocols as are prescribed by the destination State/ UT.